| | |
|---|---|
| આંક | ૧૨ |
| દાખલ થયા તા. | ૧૪.૦૨.૨૦૨૫ |
| રજુ કર્યા તા. | ૧૪.૦૨.૨૦૨૫ |
| ફેંસલ કર્યા તા. | ૧૦.૦૬.૨૦૨૬ |
| સમય મર્યાદા | ૦૧ વર્ષ, ૦૩ માસ, ૨૭ દિવસ |

**૫ માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ(અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. ૩૨૪૪૮/૨૦૨૫**

**ફરીયાદી :-**

શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :-**

**૧.** લય વિષ્ણુભાઈ પટેલ, ઉ.વ.૨૧,
રહે. મ. નં. ૩૧, જલારામ પાર્ક,
મણીબા સ્કુલની પાછળ, સરદાર ચોક,
કૃષ્ણનગર, અમદાવાદ.

**ગુન્હો :- ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ. વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબ.**

**સરકાર તરફે : વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી**
**આરોપી તરફે : વિ. વ. શ્રી એ. બી. તળપદા**

**-//જજમેન્ટ//-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી તા.૨૨.૦૧.૨૦૨૫

ના રોજ સવારના કલાક ૧૦:૧૫ વાગ્યાના સુમારે કૃષ્ણનગર ઠક્કરનગર જબુકા કોમ્પ્લેક્ષ આગળ જાહેર રોડ પર ચાલતા પસાર થતા હતા તે વખતે આરોપીનાઓ પોતાના કબ્જાનું એકટીવા નં.જીજે.૦૧.વી.એલ.૫૨૭૮ નું હીરાવાડી ત્રણ રસ્તા તરફથી પુરઝડપે ગફલતભરી રીતે અને બેદરકારીથી ચલાવી લાવી ફરીયાદીને ટક્કર મારી તેમના જમણા પગે નળાના ભાગે ફ્રેકચર કરી ડાબી આંખની બાજુમાં તથા શરીરે ઈજાઓ કરી ગુનો કરેલ તે મતલબની ફરીયાદ ફરીયાદીએ "જી" ટ્રાફીક પોલીસ સ્ટેશનમાં ગુ. ર. નં.૧૧૧૯૧૦૫૭૨૫૦૦૨૬/૨૦૨૫ થી નોંધાવતા આગળની તપાસના અંતે ત. ક. અધિકારીએ આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના આક્ષેપીત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ બજતાં આરોપી હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ પુરી પાડી આરોપી સામેના આક્ષેપીત ગુન્હાની પ્લી આંક–૦૩ અન્વયેથી નોંધતાં આરોપીએ ગુન્હો કબુલ નહીં હોવાનું જણાવતાં સદર કેસ પુરાવા પર મુલત્વામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે ફરીયાદ હકીકત પુરવાર કરવા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો :–**

| **અનુ.** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| ૧ | ૦૫ | ફરીયાદી સીતાબેન હરીભાઈ ચારણની જુબાની |
| ૨ | ૦૭ | સાહેદ હંસાબેન રતનભાઈ ચારણની જુબાની |

**દસ્તાવેજી પુરાવો :–**

| **અનુ.** | **આંક** | **દસ્તાવેજનું નામ** |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરીયાદની નકલ |
| ૨ | ૦૮ | બનાવ વાળા પંચનામાની નકલ |

| | | |
|---|---|---|
| ૩ | ૦૯ | મેડીકલ સર્ટીફીકેટની નકલ |
| ૪ | ૧૦ | મેડીકલ સર્ટીફીકેટની નકલ |

(૩.૧) ઉપરોકત રજુ થયેલ પુરાવો ધ્યાને લઇ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ તેમના સામેના આક્ષેપોનો ઇન્કારી પોતે બચાવમાં કોઇ સાક્ષી તપાસવા નહીં ઇચ્છતાં હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી ની તથા આરોપીના વિ. વ. શ્રીની મૌખિક દલીલો સાંભળી, પુનરાવર્તનનો દોષ ટાળવા તેની ચર્ચા યોગ્ય મુદ્દાના કારણોમાં કરવામાં આવે છે.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય સારૂ નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી તા.૨૨.૦૧.૨૦૨૫ ના રોજ સવારના કલાક ૧૦:૧૫ વાગ્યાના સુમારે કૃષ્ણનગર ઠકકરનગર જબુકા કોમ્પ્લેક્ષ આગળ જાહેર રોડ પર ચાલતા પસાર થતા હતા તે વખતે આરોપીનાઓ પોતાના કબ્જાનું એકટીવા નં.જીજે.૦૧.વી.એલ.પ૨૭૮ નું હીરાવાડી ત્રણ રસ્તા તરફથી પુરઝડપે ગફલતભરી રીતે અને બેદરકારીથી ચલાવી લાવી ફરીયાદીને ટકકર મારી તેમના જમણા પગે નળાના ભાગે ફ્રેકચર કરી ડાબી આંખની બાજુમાં તથા શરીરે ઇજાઓ કરી ગુનો કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ– ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) છેવટના હુકમ મુજબ.

## – :: કા ર ણો :: –

(૭) ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ અને ૧૦૨ સાથે વાંચતા ફોજદારી ન્યાય શાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંતો મુજબ, આક્ષેપીત ગુનો આરોપી ધ્વારા જ કરવામાં આવેલ છે તે પુરવાર કરવાની સંપુર્ણ જવાબદારી ફરીયાદપક્ષ પર રહેલી છે, કારણ કે કાયદાના સ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી જયાં સુધી દોષીત સાબીત ન થાય ત્યાં સુધી નિર્દોષ છે. કાયદાની આ મુળભુત સિધ્ધાંતો લક્ષમાં રાખીને, આ કેસના ન્યાય નિર્ણય હેતુ રેકર્ડ પર રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૭.૧) આ કામે ફરીયાદપક્ષની હકીકત મુજબ, ફરીયાદી તા.૨૨.૦૧.૨૦૨૫ ના રોજ સવારના કલાક ૧૦:૧૫ વાગ્યાના સુમારે કૃષ્ણનગર ઠકકરનગર જબુકા કોમ્પ્લેક્ષ આગળ જાહેર રોડ પર ચાલતા પસાર થતા હતા તે વખતે આરોપીનાઓ પોતાના કબ્જાનું એકટીવા નં.જીજે.૦૧.વી.એલ.૫૨૭૮ નું હીરાવાડી ત્રણ રસ્તા તરફથી પુરઝડપે ગફલતભરી રીતે અને બેદરકારીથી ચલાવી લાવી ફરીયાદીને ટકકર મારી તેમના જમણા પગે નળાના ભાગે ફ્રેકચર કરી ડાબી આંખની બાજુમાં તથા શરીરે ઈજાઓ કરેલ. જે અંગેની ફરીયાદ આ કામના ફરીયાદી સીતાબેન હરીભાઈ ચારણ નાઓએ આપેલ તેઓની જુબાની આંક–૦૫ થી નોંધવામાં આવેલ છે. ફરીયાદી તેઓની જુબાનીમાં ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ ન હોય તેઓને એ. પી. પી. શ્રી ધ્વાર ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. આ ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેતાં તેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, પોલીસે નામ–સરનામું પુછેલ અને કાગળ પર સહી લીધેલ તેમજ એકટીવાના નંબરની તેમજ આરોપીની જાત માહીતી નથી તેમજ નામ. કોર્ટમાં ઉભા છે તે વ્યકિત પોતાનું એકટીવા પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી તેઓને ઈજા પહોંચાડેલ ન હોવાની હકીકત સ્વીકારેલ છે. આમ, ફરીયાદીની જુબાનીથી ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળતુ નથી. વધુમાં, સાહેદ હંસાબેન રતનભાઈ ચારણ નાઓને આંક–૦૭ થી તપાસવામાં આવેલ છે તેઓની ઉલટ તપાસ ધ્યાને

લેતાં તેમાં તેઓએ જણાવેલ છે કે બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી બનાવ વિશે અંગત માહીતી નથી તેમજ પોલીસે ફકત નામ સરનામું પુછેલ તેવી હકીકત સ્વીકારેલ છે. આમ, આરોપી વિરૂધ્ધના તહોમતની હકીકતને ફરીયાદીની જુબાનીથી સમર્થન મળતું નથી. આ સંજોગોમાં રેકર્ડ પર રજુ પુરાવાના આધારે આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ ઠરાવવામાં આવે છે. આથી, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

(૧) આથી, આરોપી ને બી. એન. એસ. એસ. ની કલમ–ર૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહીતાની કલમ– ર૮૧, ૧ર૫(એ), ૧ર૫(બી) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આરોપીએ અગાઉ રેકર્ડ પર રજુ કરેલ જામીન અને જાતમુચરકા બી.એન. એસ. એસ. ની કલમ –૪૮૧ મુજબના સમયગાળા માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૦ મી માહે જુન સને–ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**[ દર્શકકુમાર દિનેશચંદ્ર શાહ ]**
અમદાવાદ. ૫ મા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી(કોર્ટ નં.૧)
Code-Gj00956